G.R.J.D. No.5713 of 6-10-11 & C.P.C.27(g.Revised)
G.L.H.D.No. CPC-1059/40093-III of 11-6-59)

૨૮– તહોમતનામું
( જુઓ કલમ ૨૨૧,૨૨, ૨૨૩)

ફો.કે.નં:– ૧૦૮૮/૨૦૨૫
**આંક– ૦૪**

હું શ્રી નિમિષા ગંગારામભાઈ સુરતી , એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

તમો આરોપી નવલસિંહ ભગવતસિંહ ઝાલા, ઉંમર આશરે ૬૫ વર્ષ, ધંધો :– મજુરી, રહેનાર સુનીલનગર, હળવદ, જી.મોરબીનાઓ ઉપર નીચે મુજબ તહોમત મુકું છું:–

હળવદ પો.સ્ટે.ના પો.સ્ટાફના આ કામના ફરીયાદી સાગરભાઈ ડાયાભાઈ કુરીયા તથા પો. કોન્સ.વનરાજસિંહ માવુભા રાઠોડનાઓ હળવદ પો.સ્ટે. વિસ્તારમા પ્રોહીબીશન અંગે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮/૪૦ વાગ્યે પંચમુખી ઢોરે જવાના રસ્તે મીરા ગેરેજની બાજુમા જાહેરમા તમો નવલસિંહ ભગવતસિંહ ઝાલાનાઓ હાથમા કાપડની થેલી સાથે ઉભેલા અને પોલીસને જોઈ તરત ચાલવા લાગતા તમોને તરત ઉભા રખાવેલ અને તમોના હાથમા રહેલ કાપડની થેલીની અંદર પારદર્શક પ્રવાહી ભરેલ દેશીદારૂ જેવુ ભરેલ કોથળીઓ હોય જેથી કલાક ૧ ૮/૪૫ વાગ્યે બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરૂ તમારુ નામઠામ પુછતા તમોએ પોતાનુ નામ નવલસિંહ ભગવતસિંહ ઝાલા હોવાનુ જણાવેલ અને તમોના હાથમા રહેલ કાપડની થેલી અંદર જોતા થેલીમા સફેદ પ્લાસ્ટીકની પ્રવાહી ભરેલ પારદર્શક દેખાય તેવી કોથળીઓ જોવામા આવતા જે ગણી જોતા નંગ–૧૬ હોય જેમા એક કોથળીમા આશરે ૨૫૦ મીલી જેટલુ પ્રવાહી ભરેલ હોય જે પ્રવાહી ભરેલ તમામ પ્લાસ્ટીકની કોથળીઓના મોઢા ખોલી તેમાનું પ્રવાહી સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમા પુષ્કળ અને તીવ્ર દેશી દારૂ જેવી વાસ આવતી હોય જેથી તમામ કોથળીઓમાથી થોડુ થોડુ પ્રવાહી એક બોટલમા આશરે ૨૦૦ મીલી જેટલુ તપાસ અર્થે ભરી લઈ પંચોની સહીવાળી કાપલી મુકી પો.ઈન્સ.શ્રી હળવદના હોદાનુ લાખ દોરા વાળુ સીલ કરી તપાસણીઅર્થે કબજે કરેલ તેમજ સદરહું પ્લાસ્ટીકની કોથળીઓના મોઢા જેમના તેમ બાંધી દેશી દારૂની કિંમત આશરે ૪ લીટર હોય જે એક લીટરના ૨૫૦લેખે ગણી ૪ લીટર દેશીદારૂની કુલ કિંમત રૂા.૮૦૦/– ગણી તપાસઅર્થે કબજે કરેલ અને આમ કરીને વગર પાસ પરમીટે ગે.કા. રીતે દેશી દારૂ મળી આવેલ હોય અને તેમ કરીને તમો આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબનો શીક્ષા પાત્ર ગુન્હો અમારી હકુમતમા કરેલ છે જેની ઈન્સાફી કાર્યવાહી થવી.

આ ન્યાયાલયના અધિકાર નીચે આવી શકે એવો ગુનો તમે કર્યો છે અને આ ઉપરથી હું આદેશ કરૂં છું કે સદરહુ તહોમત માટે ન્યાયાલય તરફથી તમારા પર કામ ચલાવવામા આવે.

તા:– ૧૯/૦૧/૨૦૨૬

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશ્નલ ચીફ જયુડી.મેજી.હળવદ.
જી.જે.૦૦૭૧૧

ફો.કે.નં:– ૧૦૮૮/૨૦૨૫

**આંક– ૦૫**

**આરોપીની જુબાની**

**દાહોદના મહે એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ હાજર થઈ લખાવુ છુ**

મારૂ નામ :– નવલસિંહ ભગવતસિંહ ઝાલા,

મારા પિતાનું નામ :– ભગવતસિંહ ઝાલા

મારી ઉંમર આશરે :– ૬૫ વર્ષ

ધંધો :– મજુરી

રહેનાર :–સુનીલનગર, હળવદ, જી.મોરબી.

**સવાલ** **:–** તમોને ફરીયાદીના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળેલ છે ?

**જવાબ** **:–** હાજી.

**સવાલ :–** તમોને આંક–૦૪ થી ફરમાવવામા આવેલ તહોમતનામા મુજબનો ગુન્હો કબુલ છે કે કેસ આગળ ચલાવવો છે ?

**જવાબ :–** ના જી મને ગુનો કબુલ નથી મારે કેસ આગળ ચલાવવો છે.

તારીખ– ૧૯/૦૧/૨૦૨૬

સ્થળ –હળવદ.

............................................ મારી રૂબરૂ

આરોપીની સહિ.

( નિમિષા ગંગારામભાઈ સુરતી )

એડીશ્નલ ચીફ જ્યુડી.મેજી.હળવદ.

જી.જે.૦૦૭૧૧